પ્રોસેસિંગ અને ફૂડ ઈજનેરી વિભાગ
કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ,
આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા

## "પ્રોસેસિંગ અને મૂલ્ય વર્ધનની પ્રકિયાઓ દ્વારા આવક વધારવાના ઉપાયો"

પ્રોસેસિંગ અને ફૂડ ઈજનેરી વિભાગ દ્વારા તા. ૦૧/૧૦/૨૦૧૮ ના રોજ "પ્રોસેસિંગ અને મૂલ્ય વર્ધનની પ્રકિયાઓ દ્વારા આવક વધારવાના ઉપાયો" ઉપર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમનું કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ, ગોધરા ખાતે આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમા ડો. આર. સ્વર્ણકાર, પ્રાધ્યાપક અને વડા, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ, ડો. નવનીત કુમાર, સહ પ્રાદ્યાપક અને વિભાગીય વડા, પી.એફ.ઈ. વિભાગ, શ્રી સંદીપ કુમાર, પ્રોગ્રામ ઓફિસર, સદગુરુ ફાઉંડેશન, દાહોદ, મહાવિધાલયના અન્ય વિભાગીય વડાશ્રીઓ, ડૉ. નીરજ સેઠ અને ઈજ. કમલેશ જેઠવા તાલીમમાં ઉપસ્થિત રહ્યા હતા. તાલીમ કાર્યક્રમની શરૂઆત વિભાગીય વડાશ્રીઓ અને આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ ઇજ. કમલેશ જેઠવા, મદદનીશ પ્રાદ્યાપક, પી.એફ.ઈ. વિભાગ દ્વારા મંચસ્થ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ત્યારપછી મહેમાનોનું પુષ્પગુચ્છથી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ તાલીમમાં ડો. નવનીત કુમાર દ્વારા મહેમાનોને આવકારી અને પાકોમાં પ્રોસેસિંગ અને મૂલ્ય વર્ધનની પ્રકિયાઓ દ્વારા આવક વધારવાના ઉપાયો ઉપર પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું, ડો. આર. સ્વર્ણકાર દ્વારા કોલેજના જુદા જુદા વિભાગોમાં થયેલ સંશોધન અને વિકસાવેલ સાધનો વિષય અનુરૂપ અને તેનો ખેતીમાં ઉપયોગ કરી આવક વધારવાના ઉપાયો ઉપર માહિતી આપવામાં આવી અને કાર્યક્રમને અંતે ડૉ. નીરજ સેઠ, મદદનીશ પ્રાદ્યાપક, પી.એફ.ઈ. વિભાગ દ્વારા ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

આ તાલીમમાં ખેડૂતમિત્રો અને બહેનોને ખેતી પાકોમાં કાપણી પછીની મૂલ્ય વર્ધન પ્રક્રિયાઓ ઉપર ડૉ. નીરજ સેઠ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું. ત્યારબાદ ડો. નવનીત કુમાર દ્વારા કૃષિ પાકોમાં સુકવણી અને સંગ્રહ ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું અને ઇજ. કમલેશ જેઠવા દ્વારા મૂલ્યવર્ધિત બનાવટો દ્વારા આવક વધારવાના ઉપાયો ઉપર વક્તવ્ય આપવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમ્યાન ખેડૂતોને પ્રદર્શન હોલ અને વિભાગની લેબોરેટરીમાં રાખેલ વિવિધ

પોસ્ટ હારવેસ્ટ, ડ્રાઈંગ, સંગ્રહ અને પ્રોસેસિંગના સાધનો વિષે માહિતી આપવામાં આવી અને આ ઉપરાંત ડૉ. નીરજ સેઠ, મદદનીશ પ્રાધ્યાપક, ઈજ. અમર શર્મા અને ઈજ. ચાંદની પોપલીયા, એમ. ટેક. વિધ્યાર્થીઓ દ્વારા સોયાબીનમાંથી દૂધ અને પનીર બનાવવાનું પ્રેક્ટીકલ નિદર્શન કરવામાં આવ્યું.

આ તાલીમ કાર્યક્રમ માટે ડૉ. નવનીત કુમાર, સહ પ્રાધ્યાપક અને વડા, ડૉ. નીરજ સેઠ, મદદનીશ પ્રાધ્યાપક, ઈજ. કમલેશ જેઠવા, મદદનીશ પ્રાધ્યાપક, શ્રી પી. એમ. મકવાણા, લેબ ટેકનીશીયન, ઈજ. અમર શર્મા, ઈજ. ચાંદની પોપલીયા અને ઈજ. શક્તિસિંહ ચાવડા, એમ. ટેક. વિધ્યાર્થીઓ દ્વારા સફળ બનાવવા માટે યોગદાન આપવામાં આવ્યું હતું.













for tomato processing
POST HARVEST MANAGEMENT











ANAND AGRICULTURAL UNIVERSITY
COLLEGE OF AGRICULTURAL ENGINEERING AND TECHNOLOGY
AAU
આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય
કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ
દ્વારા આયોજિત